**1. જોડકાં જોડો :**

| કોલમ I | કોલમ II |
|---|---|
| (a) સમોષ્મી પ્રક્રમ | (1) ઉષ્મા |
| (b) નિરાળી પ્રણાલી | (2) અચળ કદે |
| (c) સમતાપી ફેરફાર | (3) ઉષ્માગતિશાસ્ત્રનો પ્રથમ નિયમ |
| (d) માર્ગવિધેય | (4) દ્રવ્ય અને ઊર્જાનો વિનિમય નથી |
| (e) સ્થિતિવિધેય | (5) ઉષ્માની ફેરબદલી થતી નથી |
| (f) $\Delta U = q$ | (6) તાપમાન અચળ રહે છે |
| (g) શક્તિ સંચયનો નિયમ | (7) આંતરિક ઊર્જા |
| (h) પ્રતિવર્તી પ્રક્રમ | (8) $p_{ext} = 0$ |
| (i) મુક્ત પ્રસરણ | (9) અચળ દબાણે |
| (j) $\Delta H = q$ | (10) અનંત ધીમો પ્રક્રમ જે અનેક સંતુલન અવસ્થાઓમાં વહેંચાય છે. |
| (k) વિશિષ્ટ ગુણધર્મ | (11) એન્ટ્રોપી |
| (l) માત્રાત્મક ગુણધર્મ | (12) દબાણ |
| | (13) વિશિષ્ટ ઉષ્મા |

➠ (a – 5), (b – 4), (c – 6), (d – 1), (e - 7, 11, 12), (f - 2), (g - 3), (h - 10), (i - 8), (j - 9), (k - 1, 12, 13), (l - 7, 11).

➠ સાચું જોડાણ નીચે મુજબ છે :

| | |
|---|---|
| (a) સમોષ્મી પ્રક્રમ | ઉષ્માની ફેરબદલી થતી નથી. |
| (b) નિરાળી પ્રણાલી | ઊર્જા અને દ્રવ્યનો વિનિમય નથી |
| (c) સમતાપી ફેરફાર | તાપમાન અચળ રહે છે. |
| (d) માર્ગવિધેય | ઉષ્મા |
| (e) સ્થિતિ વિધેય | આંતરિક ઊર્જા, એન્ટ્રોપી, દબાણ |
| (f) $\Delta U = q$ | અચળ કદે |
| (g) શક્તિ સંચયનો નિયમ | ઉષ્માગતિશાસ્ત્રનો પ્રથમ નિયમ |
| (h) પ્રતિવર્તી પ્રક્રમ | અનંત ધીમો પ્રક્રમ જે અનેક સંતુલન અવસ્થાઓમાં વહેંચાય છે. |
| (i) મુક્ત પ્રસરણ | $p_{ext} = 0$ |
| (j) $\Delta H = q$ | અચળ દબાણે |

(k) વિશિષ્ટ ગુણધર્મ     ઉષ્મા, દબાણ, વિશિષ્ટ ઉષ્મા

(l) માત્રાત્મક ગુણધર્મ     આંતરિક ઊર્જા, એન્ટ્રોપી

2. **જોડકાં જોડો : નીચેના પ્રક્રમોને એન્ટ્રોપી ફેરફાર સાથે જોડો.**

| પ્રક્રિયા / પ્રક્રમો | એન્ટ્રોપી ફેરફાર |
|---|---|
| (a) પ્રવાહીનું વરાળમાં રૂપાંતર થાય છે. | (1) $\Delta S = 0$ |
| (b) બધા જ તાપમાને પ્રક્રિયા ત્વરિત નથી $\Delta H = (+)$ | (2) $\Delta S = (+)$ |
| (c) આદર્શ વાયુનું પ્રતિવર્તી પ્રસરણ | (3) $\Delta S = (-)$ |

➠ (a – 2), (b – 3), (c – 1)

➠ (a) જ્યારે પ્રવાહીનું વાયુ સ્થિતિમાં પરિવર્તન થાય છે ત્યારે (પ્રવાહી → બાષ્પ) એન્ટ્રોપીમાં વધારો થાય છે. ($\Delta S = +$)

➠ (b) જ્યારે $\Delta H = (+)$, ઊર્જાનું પરિબળ વિરોધી કાર્ય છે. બધા જ તાપમાને પ્રક્રમ સ્વપ્રેરિત ગુણધર્મ ધરાવતો નથી. એન્ટ્રોપીનો ગુણધર્મ પણ પ્રક્રમનો વિરોધ કરે છે એટલે $\Delta S = (-)$

➠ (c) આદર્શ વાયુના પ્રતિવર્તી પ્રસરણમાં પ્રણાલીના દરેક તબક્કે સંતુલનમાં હોય છે. આથી $\Delta S = 0$

3. **જોડકાં જોડો : સ્વપ્રેરિત ગુણધર્મોને લક્ષમાં લઈને નીચેના માપદંડોની સરખામણી કરો.**

| $\Delta$ = માપદંડ $\Delta_r H^0$ $\Delta_r S^0$ $\Delta_r G^0$ | વર્ણન |
|---|---|
| (a) (+) (–) (+) | (1) ઊંચા તાપમાને પ્રક્રિયા સ્વપ્રેરિત નથી. |
| (b) (–) (–) (+) | (2) દરેક તાપમાને સ્વપ્રેરિત ઊંચા તાપમાને પ્રક્રિયા છે. |
| (c) (–) (+) (–) | (3) બધા જ તાપમાને પ્રક્રિયા સ્વપ્રેરિત નથી. |

➠ (a – 3), (b – 1), (c – 2)

➠ (a) જ્યારે $\Delta_r G^0$નું મૂલ્ય (+) હોય ત્યારે બધા જ તાપમાને પ્રક્રિયા સ્વપ્રેરિત નથી હોતી.

➠ (b) જ્યારે $\Delta_r G^0$નું મૂલ્ય ઊંચા તાપમાને (+) હોય ત્યારે પ્રક્રિયા બધા જ તાપમાને સ્વપ્રેરિત હોતી નથી.

(c) જ્યારે $\Delta_r H^0$નું મૂલ્ય (–) સ્વયંભૂ હોય તે દર્શાવે છે કે $\Delta_r S^0$નું મૂલ્ય (+) હોય છે. એટલે કે પ્રક્રિયા પસંદગીપાત્ર છે. $\Delta_r G^0$નું મૂલ્ય ઋણ મળે છે. જે દર્શાવે છે કે બધા જ તાપમાને પ્રક્રિયા સ્વપ્રેરિત રીતે થાય છે.

4. **જોડકાં જોડો : યોગ્ય જોડી બનાવો.**

| | |
|---|---|
| (a) બાષ્પાયન એન્ટ્રોપી | (1) ઘટાડો થાય છે. |
| (b) ત્વરિત પ્રક્રિયા માટે K | (2) હંમેશાં (+) મૂલ્ય ધરાવે છે. |
| (c) સ્ફટિકમય ઘન અવસ્થા | (3) લઘુતમ એન્ટ્રોપી ધરાવે છે. |
| (d) $\Delta U$ આદર્શ વાયુના સમોષ્મી પ્રસરણ માટે | (4) $\frac{\Delta H_{vap}}{T_b}$ |

➠ (a – 2, 4), (b – 2), (c – 3), (d - 1)

➠ (a) બાષ્પઅવસ્થામાં એન્ટ્રોપીનું મૂલ્ય હંમેશાં (+) હોય છે. જે $\frac{\Delta H_{બાષ્પ}}{T_b}$ બરાબર હોય છે.

➠ (b) જો $\Delta G^0 = -RT\ ln\ K$. જો K = (+) હોય તો $\Delta G^0$નું મૂલ્ય (–) હોય છે અને પ્રક્રિયા સ્વયંભૂ હોય છે.

➠ (c) પદાર્થની સ્ફટિકમય ઘન અવસ્થા લઘુતમ એન્ટ્રોપી ધરાવે છે.

➠ (d) આદર્શ વાયુના સમોષ્મી પ્રતિવર્તી પ્રસરણ માટે $q = 0$ હોય છે એટલે કે $\Delta U = q + w$ અને $\Delta U = w$. જે દર્શાવે છે કે આંતરિક ઊર્જાના ઉપયોગ વડે કાર્ય થાય છે જેમાં ઘટાડો થતો માલૂમ પડે છે.